ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૨૨.૦૯.૨૦૧૮

---------------

**૨૦૧૯માં ફરીથી નરેન્દ્રભાઇ પ્રધાનમંત્રી બનશે તે ભીંત પર લખેલું સત્ય છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

---------------

**કેન્દ્ર સરકારનુ પ્રમાણિક શાસન, પરિશ્રમની પરાકાષ્ઠા, ગામડુ અને ગરીબલક્ષી નીતિઓ અને સુશાસનને લીધે કેન્દ્રની ભાજપા સરકારે દેશના જનજનના દિલ જીત્યા છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

---------------

**કોંગ્રેસ સરકારના પોલીસી પેરાલીસીસ અને ભ્રષ્ટાચારી શાસનને લીધે દેશને બહુ મોટું નુકશાન થયુ હતુ. જ્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળના ચાર વર્ષના ભાજપાના શાસનમાં દેશે તમામ ક્ષેત્રે પ્રગતિના શિખરો સર કર્યા છે. - શ્રી વિજયભાઇ રૂપાણી**

---------------

**રાહુલ ગાંધી દિવસેને દિવસે વધુને વધુ હાસ્યાસ્પદ બનતા જાય છે. કોંગ્રેસના કાર્યકરો પણ તેને ગંભીરતાથી લેતા નથી. - શ્રી વિજયભાઇ રૂપાણી**

---------------

**પાણી વગર જેમ માછલી તરફડે તેમ સત્તા વગર કોંગ્રેસ તરફડીયા મારી રહી છે. - શ્રી વિજયભાઇ રૂપાણી**

---------------

**૨૦૧૯માં ૨૦૧૪ કરતા પણ વધારે સીટો સાથે જનતાના આશીર્વાદથી ફરીથી નરેન્દ્રભાઇ વડાપ્રધાન બનશે. - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

---------------

**૨૦૧૯ની ચૂંટણી એ સમગ્ર દેશમાં કોંગ્રેસના જુઠ્ઠાણાઓનો પર્દાફાસ કરવા માટેની ચૂંટણી છે. ગુજરાતની વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં પણ કોંગ્રેસે જુઠ્ઠાણાઓનો વરસાદ વરસાવ્યો હતો. - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

---------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં તમામ ક્ષેત્રે દેશ પ્રગતિ કરી રહ્યો છે ભારતીય અર્થતંત્ર દુનિયાનું સૌથી મોટું છઠ્ઠા નંબરનું અર્થતંત્ર બન્યુ છે. ભારતનો જીડીપી ૮.૨ ટકા પર પહોચ્યો છે. - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

---------------

પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે આજરોજ ભાજપાની પ્રદેશ કારોબારી મળી હતી. પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં મળેલ આજની આ કારોબારીમાં રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, પ્રદેશના આગેવાનશ્રીઓ, પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ તેમજ સંગઠનના વિવિધ પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદેશ કારોબારીના સમાપન સત્રને સંબોધતા શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ સરકારના પોલીસી પેરાલીસીસ અને ભ્રષ્ટાચારી શાસનને લીધે દેશને બહુ મોટું નુકશાન થયુ હતુ. જ્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળના ચાર વર્ષના ભાજપાના શાસનમાં દેશે તમામ ક્ષેત્રે પ્રગતિના શિખરો સર કર્યા છે. ૨૦૧૪માં સમગ્ર દેશમાં ભાજપાની માત્ર પાંચ રાજ્યોમાં સરકાર હતી ત્યારે કોંગ્રેસના લોકો એવું કહેતા કે, કેન્દ્રમાં ભાજપા સત્તા પર ક્યારેય ન આવે જ્યારે આજે ભાજપા પાસે કુલ ૩૮૦ સાંસદો અને ૧૯ રાજ્યમાં ભાજપાની સરકાર છે. ત્યારે શ્રધ્ધેય અટલજીની કાવ્યપંક્તિ દ્વારા કાર્યકરોને જુસ્સો આપતા જણાવ્યુ હતુ કે, "કભી થે હમ અકેલે, હુયે આજ હમ ઈતને, ભલા તબ નહી ડરે, તો અબ ડર કૈસા".

..૨..

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની લોકપ્રિયતા, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની સંગઠનશક્તિ અને કાર્યકરોના પરિશ્રમને લીધે આજે ત્રિપુરા અને આસામ જેવા રાજ્યોમાં પણ ભાજપાની સરકારો છે. દેશનો એકપણ તાલુકો એવો નથી જ્યાં ભાજપાનું સંગઠન ન હોય. કેન્દ્ર સરકારનુ પ્રમાણિક શાસન, પરિશ્રમની પરાકાષ્ઠા, ગામડુ અને ગરીબલક્ષી નીતિઓ અને સુશાસનને લીધે કેન્દ્રની ભાજપા સરકારે દેશના જનજનના દિલ જીત્યા છે.

શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, રાહુલ ગાંધી દિવસેને દિવસે વધુને વધુ હાસ્યાસ્પદ બનતા જાય છે. કોંગ્રેસના કાર્યકરો પણ તેને ગંભીરતાથી લેતા નથી. પ્રજાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલ કોંગ્રેસ વિખેરાઇ રહી છે. જેના પર પ્રજાને અવિશ્વાસ છે તેવા લોકો આપણી સામે અવિશ્વાસની દરખાસ્ત લાવ્યા હતા. આ માત્ર કોંગ્રેસની સત્તાભુખ છે. ગુજરાતની જનતાના આશીર્વાદ અને ભાજપા સરકારોની લોકકલ્યાણકારી નીતિઓને લીધે ગુજરાતમાં છઠ્ઠી વખત ભાજપાએ સરકાર બનાવી છે. થોડા દિવસ પહેલા ખેડુતોના નામે કોંગ્રેસે આક્રોશરેલી કાઢી હતી તેમા એકપણ ખેડુતોનું સમર્થન મળ્યુ નહોતુ. પાણી વગર જેમ માછલી તરફડે તેમ સત્તા વગર કોંગ્રેસ તરફડીયા મારી રહી છે.

શ્રી રૂપાણીએ અંતમાં જણાવ્યુ હતુ કે, સંગઠનમાંથી સત્તાનો જન્મ થાય છે ત્યારે ૨૦૧૯ની ચૂંટણીઓમાં ગુજરાતના દેવદુર્લભ કાર્યકર્તાઓ પોતાના પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી કોંગ્રેસના જુઠ્ઠાણાઓને ખાળવા સત્યનું પ્રગટીકરણ કરી ફરીથી ૨૬ માંથી ૨૬ બેઠકો પર ભાજપાને પુનઃ વિજયી બનાવવા કટિબધ્ધ બને.

સમાપન સત્ર પહેલા રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવે કારોબારી બેઠકને સંબોધતા જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભાજપાના સાડા ચાર વર્ષના સુશાસને દેશને અસ્થિરતાથી સ્થિરતા તરફ, અનિર્ણાયકતાથી નિર્ણાયકતા અને ભ્રષ્ટાચારી શાસનને બદલે પારદર્શક અને પ્રમાણિક શાસન વ્યવસ્થા પ્રાપ્ત થઇ છે. ૨૦૧૯ની ચૂંટણી એ સમગ્ર દેશમાં કોંગ્રેસના જુઠ્ઠાણાઓનો પર્દાફાશ કરવા માટેની ચૂંટણી છે. ગુજરાતની વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં પણ કોંગ્રેસે જુઠ્ઠાણાઓનો વરસાદ વરસાવ્યો હતો. ક્યારેક અનામતના નામે, ક્યારેક ખેડુતોના નામે જુઠ્ઠાણાઓ ફેલાવી અને જ્ઞાતિજાતિ વચ્ચે વૈમનષ્ય ફેલાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો. હવે જ્યારે ૨૦૧૯ની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે રાહુલ ગાંધી રાફેલના નામે જુઠ્ઠાણાઓ ફેલાવી જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા છે. વાસ્તવમાં રાફેલ ડિલ ૨૦૦૧નો નિર્ણય હતો જેને ૧૧ વર્ષ સુધી લટકાવી રાખી કોંગ્રેસે દેશની સુરક્ષા સામે ખતરો ઉભો કર્યો હતો. ત્યારે કોંગ્રેસને પુછવા માંગુ છુ કે, તમે આ સોદામાં મોડું શા માટે કર્યુ ? શું બોફોર્સની જેમ રાફેલમાં પણ તમારી કટકી લેવાની દાનત હતી ? વારંવાર રાહુલ ગાંધી રાફેલના જુદા જુદા ભાવો જાહેર કરે છે તો શું આ ભાવો તેમણે નક્કી કર્યા છે ? કોંગ્રેસ આ પ્રશ્નોનો જવાબ આપે.

શ્રી યાદવે જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં તમામ ક્ષેત્રે દેશ પ્રગતિ કરી રહ્યો છે ભારતીય અર્થતંત્ર દુનિયાનું સૌથી મોટું છઠ્ઠા નંબરનું અર્થતંત્ર બન્યુ છે. ભારતનો જીડીપી ૮.૨ ટકા પર પહોચ્યો છે. "ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ"માં પણ ભારત ખુબ મોટા કુદકા લગાવી સફળતા હાંસલ કરી છે. ખેડુતોને સમર્થન મુલ્યના ડોઢ ગણા ભાવ, ઉજ્જવલા યોજના, આયુષ્માન ભારત યોજના, જીએસટી, દેશના તમામ ગામડાઓમાં વિજળી, મેઇક ઇન ઇન્ડિયા વગેરે જેવી યોજનાઓને લીધે દેશના જરૂરિયાતમંદ અને છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોચ્યા છે. સમાજના તમામ વર્ગોના સર્વાંગી વિકાસ માટે "સબકા સાથ સબકા વિકાસ"ના મંત્રને લઇને ભાજપા સરકાર કાર્યરત છે. ૨૦૧૯માં ૨૦૧૪ કરતા પણ વધારે સીટો સાથે જનતાના આશીર્વાદથી ફરીથી નરેન્દ્રભાઇ વડાપ્રધાન બનશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ